# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 13-02-2026 Day: Thursday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## VB-G-RAM-G અંતર્ગત ખેડૂત શ્રમિક સંવાદ:

અંજાર એપીએમસી ખાતે ઉચ્ચ અને ટેક્નિકલ શિક્ષણ રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગાના અધ્યક્ષસ્થાને 'વિકસિત ભારત- ગેરંટી ફોર રોજગાર એન્ડ આજીવિકા મિશન (ગ્રામિણ)' VB-G-RAM-Gઅંતર્ગત ખેડૂતશ્રમિક સંવાદ કાર્યક્રમ યોજાયો હતો. મનરેગાના નામથી શરૂ થયેલી VB-G-RAM-G યોજના વિશે માહિતી આપતા મંત્રીશ્રીએ જણાવ્યું કે, તેનાથી શ્રમિકોનેવધુ રોજગારી મળશે અને ખેડૂતોને સીઝન સમયે સરળતાથી મજૂરો ઉપલબ્ધ થશે. તેમણે વધુમાં કહ્યું કે, પ્રધાનમંત્રીનરેન્દ્ર મોદી અને રાજ્ય સરકાર ખેડૂતો, પશુપાલકો અને શ્રમિકોના ઉત્થાન માટે કટિબદ્ધ છે. આ યોજનાગામડાઓના આર્થિક વિકાસમાં ક્રાંતિકારી સાબિત થશે. કાર્યક્રમમાં અંજાર નગરપાલિકાપ્રમુખ, સરહદ ડેરીનાચેરમેન સહિતના અગ્રણીઓ, સરપંચો અને મોટીસંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.આ ટૂલ્સની મદદથી હવે અંગ્રેજી સહિત કોઈ પણ ભાષામાંથી તેનું સ્થાનિક ભાષામાં ભાષાન્તર કરી શકાય છે, જેથી વિષય-ભાષાને સમજવામાં વધુ સરળતા રહેશે," તેમ પણ શ્રી મોઢવાડિયાએ ઉમેર્યું

------------------------------------------------------------------------------------

## નાયબ મુખ્યમંત્રી કચ્છ મુલાકાતે આવશે:

રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી આવતીકાલે કચ્છની મુલાકાતે આવશે. તેઓ સાંજે બિદડા ખાતે હરિકો ભવન અને રમતગમત સંકુલનું લોકાર્પણ કરશે તથા બિદડા સર્વોદય ટ્રસ્ટ

સંચાલિત જયા રિહેબિલિટેશન ઇન્સ્ટિટ્યુટ એન્ડ રિસર્ચસેન્ટરની મુલાકાત લેશે. નાયબ મુખ્યમંત્રીના આગામનને લઇને તૈયારીઓ હાથ ધરાઇ છે.

---

## કલેકટર દ્વારા રાપરમાં અધિકારીઓ સાથે બેઠક:

કચ્છ કલેક્ટર આનંદ પટેલે આજે રાપર શહેરની મુલાકાત લઈ સ્થાનિક પ્રશ્નોના નિરાકરણ માટે વિવિધ વિભાગોના અધિકારીઓ સાથે મહત્વપૂર્ણ બેઠક યોજી હતી. કલેક્ટરશ્રીએ મામલતદાર કચેરીની કામગીરીની સમીક્ષા કર્યા બાદ સરકારી વાણિજ્ય કોલેજની મુલાકાત લીધી હતી અને કોલેજના જમીન તથા મકાન સંબંધિત પ્રશ્નો અંગે વિસ્તૃત ચર્ચા કરી જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

ખાસ કરીને આગામી ઉનાળાની ઋતુને ધ્યાને રાખીને રાપર શહેર અનેગ્રામ્ય વિસ્તારોમાં પીવાના પાણીની સમસ્યા ન સર્જાય તે માટે પાણી પુરવઠા બોર્ડના અધિકારીઓ સાથે આગોતરા આયોજન અંગે સમીક્ષા કરી સૂચનાઓ આપી હતી. આ મુલાકાત દરમિયાનધારાસભ્ય વિરેન્દ્રસિંહ જાડેજા, પ્રાંત અધિકારી જે.આર. ગોહિલ સહિત વિવિધ વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા

---

## ગાંધીધામમાં 1.60 કરોડના ખર્ચે લાઈટિંગ પ્રોજેક્ટ:

ગાંધીધામ મહાનગરપાલિકાએ લોકોની સુરક્ષા અને સુખાકારી વધારવા ₹1.60 કરોડના ખર્ચે લાઈટિંગ પ્રોજેક્ટ હાથ ધર્યા છે. અંજાર-આદિપુરને જોડતા 6 કિમીના માર્ગ પરરૂપિયા 80 લાખના ખર્ચે 160 થાંભલા અને 320 લાઈટો નાખવામાં આવશે. બીજી તરફ મુંદરા સર્કલથી શિણાય પોલીસ હેડક્વાર્ટર સુધી રૂપિયા 80 લાખના ખર્ચે 158 થાંભલા અને 316 લાઈટો લગાવાશે. આ પ્રકલ્પથી અંતરજાળ અને શિણાય જેવા વિકસતા વિસ્તારોમાં રાત્રિના સમયે સુરક્ષા વધશે.

---

## DPA ખાતે કન્ટેનર ટર્મિનલનું નિરીક્ષણ:

દીનદયાલ પોર્ટ ખાતે ડીપી વર્લ્ડ દ્વારા આકાર પામી રહેલા મેગા કન્ટેનર ટર્મિનલની પશ્ચિમ રેલવેના ઉચ્ચ અધિકારીઓએ મુલાકાત લીધી હતી. DRM વેદપ્રકાશ અને અન્ય અધિકારીઓએ પીપીપી મોડેલ હેઠળ નિર્મિત આ પ્રોજેક્ટમાં રેલવે કનેક્ટિવિટી અને ઓપરેશનલ તૈયારીઓની સમીક્ષા કરી હતી.આશરે રૂપિયા 4,200 કરોડના રોકાણથી તૈયાર થઈ રહેલા આ ટર્મિનલની વાર્ષિક ક્ષમતા 2.19 મિલિયન ટીઈયુસ રહેશે. 1100 મીટર લાંબી બર્થ ધરાવતું આ ટર્મિનલ મોટા જહાજોના સંચાલનને સક્ષમ બનાવશે.

---------------------------------------------------------------------------------------------

## કચ્છ મહિલા વિકાસ સંગઠન દ્વારા કાર્યક્રમ :

કચ્છ મહિલા વિકાસ સંગઠન દ્વારા આગામી ૧૪ ફેબ્રુઆરીએ મહિલાઓની સલામતી અને હિંસામુક્ત સમાજના નિર્માણમાટે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. વૈશ્વિક આંદોલન 'વન બિલિયનરાઇઝિંગ 2026' હેઠળ યોજાનારા આકાર્યક્રમની મુખ્ય થીમ ‘આપણા શરીર, આપણી પૃથ્વી, આપણા ભવિષ્ય માટે ઉદય’ રાખવામાં આવી છે.આ કાર્યક્રમમાં કચ્છભરના સામુદાયિક આગેવાનો, કિશોરીઓ, પંચાયત પ્રતિનિધિઓ અને સરકારી અધિકારીઓ જોડાશે. નાટક, ગીત અને સંગીત જેવા સર્જનાત્મક માધ્યમો દ્વારા મહિલાઓ અને ટ્રાન્સજેન્ડર વિરુદ્ધ થતી હિંસા અટકાવવા માટેનો સંદેશ પ્રસારિત કરવામાં આવશે

---------------------------------------------------------------------------------------------

## ગાંધીધામમાં ફૂડ વેન્ડિંગ ઝોન, શાકમાર્કેટ બનાવાશે:

ગાંધીધામ મહાનગરપાલિકા દ્વારા શહેરના સ્ટ્રીટ વેન્ડરોનીઆજીવિકા સુરક્ષિત કરવા માટે મહત્વનું કદમ ઉઠાવવામાં આવ્યું છે. કમિશનર મનીષ ગુરુવાણીના જણાવ્યા મુજબ,DPA દ્વારા ફાળવાયેલા બે પ્લોટમાં બે ફૂડ વેન્ડિંગ ઝોન અને એક આધુનિક શાકમાર્કેટ વિકસાવવામાં આવશે, જેમાં અંદાજે 200 જેટલા ફેરિયાઓને સમાવાશે.આ ઝોન પેવર બ્લોક, સમાન કદના સ્ટોલ, લાઈટ, પીવાનું પાણી અને બેઠક વ્યવસ્થા જેવી સુવિધાઓથી સજ્જ હશે. શાકમાર્કેટમાં

પણ થલા અને શૌચાલયની વ્યવસ્થા કરાશે. આ પ્રોજેક્ટ માટે ટેન્ડરપ્રક્રિયા હાથ ધરી દેવામાં આવી છે, જે ફેરિયાઓને આર્થિક સ્થિરતા આપશે અને નાગરિકોને ખરીદી માટે સુવિધાજનક પ્લેટફોર્મ પૂરું પાડશે.

------------------------------------------------------------------------------------------------

## કચ્છના ઐતિહાસિક અને પ્રાકૃતિક સ્થળોનો વિકાસ:

વૈશ્વિક પ્રવાસન નકશા પર ચમકી રહેલા કચ્છના ઐતિહાસિક અને પ્રાકૃતિક સ્થળોને સુવિધાથી સજ્જ કરવા સરકારે કમર કસી છે. ધારાસભ્ય કેશુભાઈ પટેલનીરજૂઆત બાદ કાળા ડુંગર પર પહોળા રસ્તા, પાર્કિંગ અને રહેવાની સુવિધા તેમજ ભુજિયા ડુંગરના નવીનીકરણ માટે પ્રવાસન વિભાગે સ્થળ સમીક્ષા હાથ ધરી છે.બીજી તરફ લખપત કિલ્લાના વિકાસ માટે રૂપિયા 20 કરોડ મંજૂરકરાયા છે. આ ઉપરાંત, ઝારા ડુંગર પરયુદ્ધ સ્મારક, પિંગલેશ્વર બીચ, તેરા હેરિટેજવિલેજ અને સુથરી સ્મારક જેવા સ્થળોના વિકાસ માટે પ્રવાસન વિભાગના ઉચ્ચ અધિકારીઓએ સ્થાનિક ધારાસભ્યો સાથે પરામર્શ કર્યો છે. આ આયોજનથી આગામી સમયમાં પ્રવાસીઓની સુખાકારી વધશે અને સ્થાનિક રોજગારીને વેગ મળશે.

------------------------------------------------------------------------------------------------